# ગાંજાની વાસ છુપાવવા અત્તરનો છંટકાવ કરવામાં ખેપિયો ભેરવાયો

**રેલવે** એસઓજીની તપાસમાં ઓડિશાના યુવાન પાસેથી 3.895 કિલો ગાંજો મળ્યો

**બેગમાં** એર ફ્રેશનર પણ રાખ્યું હતું, રૂ.2 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત



સુરતઃ ગાંજાની હેરાફેરી માટે નવો કિમિયો અજમાવનાર એક શખ્સ સુરત રેલવે સ્ટેશને ઝડપાયો છે. પ્લેટફોર્મ નં.1 પર સ્પીડ પાર્સલ ઓફિસ પાસેથી બહાર નીકળતી વખતે પકડાયેલા આરોપી પાસેથી 3.895 કિલોગ્રામ ગાંજો મળી આવ્યો છે, જેની કિંમત રૂ.1,94,750 આંકવામાં આવી છે.

તપાસમાં સૌથી ચોંકાવનારી વાત સામે આવી છે કે આરોપી મુસાફરી દરમિયાન ગાંજાની તીવ્ર વાસ કોઈને ન આવે તે માટે સમયાંતરે શરીર અને બેગ પર ફોગ કંપનીનું અત્તર સ્પ્રે કરતો હતો. એટલું જ નહીં, બેગમાં તેણે એર ફ્રેશનર પણ રાખ્યું હતું જેથી ચેકિંગ દરમિયાન પણ શંકા ન જાય.

તા.26/09/2026 ના રોજ વહેલી સવારે 5:20 વાગ્યાના સુમારે સુરત રેલવે SOG, NDPS ટીમ અને RPF ની સંયુક્ત ટીમ પ્લેટફોર્મ પર વોચમાં હતી ત્યારે શંકાસ્પદ હાલતમાં દેખાતા આ શખ્સને અટકાવી તેની બેકપેકની તલાશી લેવામાં આવી હતી.

પકડાયેલા આરોપીની ઓળખ કિસ્મત પિતા ખીરા, ઉં.વ.32, રહે. જિ.બાલનગીર, ઓડિશા તરીકે થઈ છે. તેની પાસેથી ગાંજા ઉપરાંત એક મોબાઈલ ફોન, રોકડા રૂ.2,400, આધાર કાર્ડ, અત્તરની બોટલ અને એર ફ્રેશનર મળી કુલ રૂ.2,02,150 નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.આ અંગે સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# ‘સેટિંગ શરૂ થયું છે’, બારડોલી RTOનો બીજો ઓડિયો વાયરલ

**ટેસ્ટ** વિના લાઇસન્સ પાસ કરાવવાના 4000ના સોદાની ચર્ચા

**થોડા** દિવસ અગાઉ 8000માં પાસ કરાવવાનો ઓડિયો વાયરલ થયો હતો

સુરતઃ બારડોલી આરટીઓમાં ભ્રષ્ટાચાર અને સેટિંગને લઈને વધુ એક ઓડિયો ક્લિપ વાયરલ થતા ખળભળાટ મચી ગયો છે. થોડા દિવસ અગાઉ જ એક ઓડિયો વાયરલ થયો હતો જેમાં એજન્ટ દ્વારા 8000 રૂપિયામાં ડ્રાઈવિંગ ટેસ્ટ આપ્યા વિના પાસ કરાવવાનો દાવો કરવામાં આવ્યો હતો.

હવે તેવી જ બીજી એક ઓડિયો ક્લિપ સામે આવી છે, જેમાં એજન્ટ કહી રહ્યો છે કે બારડોલીમાં સેટિંગ શરૂ થઈ ગયું છે. વાયરલ થયેલી નવી ઓડિયો ક્લિપમાં એજન્ટ સ્પષ્ટપણે કહેતો સંભળાય છે કે જે કોઈને પણ ડ્રાઈવિંગ લાયસન્સ કઢાવવું હોય તો ટેસ્ટ આપ્યા વિના સેટિંગમાં કરાવી શકાય છે. ફોરવ્હીલના ડ્રાઈવિંગ લાયસન્સ માટે એજન્ટ દ્વારા 4000 રૂપિયાની માંગણી કરવામાં આવી રહી હોવાનું ઓડિયોમાં સંભળાય છે.

એક પછી એક વાયરલ થતી આ ઓડિયો ક્લિપો દર્શાવે છે કે બારડોલી આરટીઓમાં કંઈક ખોટું થઈ રહ્યું છે અને મોટા પાયે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો હોવાની ગંધ આવી રહી છે. ડ્રાઈવિંગ ટેસ્ટ જેવી ફરજિયાત પ્રક્રિયાને પણ પૈસાના જોરે બાયપાસ કરાવવાના દાવાઓ સામે આવતા પ્રામાણિક અરજદારોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ સેટિંગમાં આરટીઓના કેટલાક કર્મચારીઓ અને બહારના એજન્ટોની મિલીભગત હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો આ મામલે ઉચ્ચ કક્ષાએથી નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો મોટું ભોપાળું બહાર આવવાની શક્યતા નકારી શકાય તેમ નથી. અગાઉ વાયરલ થયેલા ઓડિયોમાં પણ આવા જ ગંભીર આક્ષેપો થયા હતા, છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન થતા એજન્ટો બેફામ બન્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. હવે બીજો ઓડિયો વાયરલ થતા વાહન વ્યવહાર વિભાગની કામગીરી સામે સવાલો ઉભા થયા છે. લોકો માંગ કરી રહ્યા છે કે આ ઓડિયો ક્લિપોની ફોરેન્સિક તપાસ કરાવી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે જેથી ભ્રષ્ટાચાર પર અંકુશ લાવી શકાય.

# ખટોદરામાં એક જ પરિવારના ત્રણ પર હિંસક હુમલો કરાયો

**ગણેશ** વિસર્જનના ઝઘડાની અદાવત રાખી સંતોષ માલિયાએ અન્ય બે મિત્રો સાથે ધારિયાથી હુમલો કર્યો

સુરતઃ ગણેશ વિસર્જનની ઉજવણી વચ્ચે સુરતના ખટોદરા વિસ્તાર સ્થિત પંચશીલનગરમાં અદાવત રાખીને ત્રણ માથાભારે ઈસમોએ એક જ પરિવારના ત્રણ સભ્યો પર લોખંડના રોડ, સળિયા, લાકડાના ફટકા અને ધારીયા વડે લોહિયાળ હુમલો કરી દીધો હતો.

ખટોદરા પંચશીલનગર-૧ માં રહેતા ૨૪ વર્ષીય ધનરાજ સંતોષભાઈ દિવરે મહોલ્લામાં હાજર હતો તે સમયે અહીં જ રહેતો સંતોષ માલીયો ધનરાજને જોઈને વિના કારણ ગાળો બોલવા લાગ્યો હતો. ધનરાજે ગાળો આપવાની ના પાડતાં જોઈ લેવાની ધમકી આપી તે ત્યાંથી ચાલ્યો ગયો હતો. ત્યારબાદ તે મિત્રો ધર્મેન્દ્ર પ્રધાન અને રાજેશ નંદાને સાથે લઈને ધસી આવ્યો હતો. ત્રણેયના હાથમાં લોખંડના રોડ, સળિયા અને લાકડાના ફટકા હતા. ‘તૂં અહીંનો દાદો છે? આજે આને પૂરો કરી દઈએ’ તેમ કહી તેના પર તૂટી પડ્યાં હતાં. સંતોષે લોખંડના રોડથી, ધર્મેન્દ્રએ સળિયાથી અને રાજેશે લાકડાના ફટકા વડે માર મારી ધનરાજના બંને હાથ ફેક્ચર કરી નાખ્યા હતા. સંતોષ માલીયાએ તેના કમરના ભાગેથી નાનું ધારીયું કાઢી ‘આજે તારો પણ ખેલ પૂરો કરી નાંખીશ’ કહી ગણેશના મોઢા, ગળા અને પેટના ભાગે ધારીયાના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. તેમની માસી ઊર્મિલાબેન વચ્ચે પડતાં રાજેશ નંદાએ લાકડાના ફટકા વડે તેમના કપાળ અને પગના ભાગે માર માર્યો હતો. ઘટના અંગે ખટોદરા પોલીસે ગુનો નોંધ્યો હતો.

# કચ્છમાં ગુજરાત અને આસામની ભાગીદારીમાં 2,300 કરોડનું રોકાણ

**કંડલા** દીનદયાળ પોર્ટ ખાતે 150 TPD ઈ-મિથેનોલ પ્લાન્ટનો શિલાન્યાસ

ગાંધીનગરઃ ગુજરાત અને આસામ વચ્ચેની ઔદ્યોગિક ભાગીદારીને નવી ઊંચાઈ આપતા કચ્છના ગાંધીધામ ખાતે 2,300 કરોડના ખર્ચે 150 TPD ક્ષમતાના ઈ-મિથેનોલ પ્લાન્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. દીનદયાળ પોર્ટ ઓથોરિટી અને આસામ પેટ્રો-કેમિકલ્સ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે આકાર લેનારો આ પ્રોજેક્ટ ગ્રીન ફ્યુઅલ અને ગ્રીન શિપિંગ ક્ષેત્રે મહત્વપૂર્ણ પહેલ બની શકે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ શિલાન્યાસ કરતાં કંડલાને ગ્રીન એનર્જી અને મેરિટાઈમ ટ્રાન્ઝિશનના નવા કેન્દ્ર તરીકે વિકસાવવાની દિશામાં વધુ એક મોટું પગલું ભરાયું છે. કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### જહાજોને મળશે ગ્રીન મરિન ફ્યુઅલ

કંડલા ખાતે ગ્રીન મિથેનોલનું ઉત્પાદન અને બંકરિંગ સુવિધા ઊભી થવાથી જહાજોને ક્લીનર મરીન ફ્યુઅલ ઉપલબ્ધ કરાવવાનું માળખું તૈયાર થશે. ભારતનો મોટાભાગનો વેપાર દરિયાઈ માર્ગે થતો હોવાથી પોર્ટ અને શિપિંગ ક્ષેત્રનું ડિકાર્બનાઈઝેશન મહત્વનું છે. આ પ્રોજેક્ટ દરિયાઈ પરિવહનમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવાની દિશામાં ઉપયોગી બની શકે છે. 150 ટન પ્રતિ દિવસની ક્ષમતાવાળો આ પ્લાન્ટ કાર્યરત થયા બાદ દૈનિક 150 ટન ઈ-મિથેનોલનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવશે.

# બે ચર્ચમાં હાથફેરો કરનાર ઝાબુઆનો આરોપી ઝડપાયો



**દાન** કરવાના નામે ચર્ચમાં ઘૂસી જતો હતો, ૮૫,૫૦૦નો મુદ્દામાલ જપ્ત

### પ્રાર્થનાના બહાને દાનપેટીમાં પૈસા નાંખી રેકી કરતો

આરોપી દિવસ દરમિયાન ચર્ચમાં પ્રાર્થના કરવાના બહાને જતો હતો અને દાનપેટીમાં દાન નાખવાના નાટકની સાથે આજુબાજુની રેકી કરી લેતો હતો. ત્યારબાદ મોડી રાત્રે ચર્ચમાં ઘૂસીને રોકડ તથા કિંમતી સામાન ચોરી ભાગી જતો હતો. આ ધરપકડ સાથે લાલગેટ અને અઠવાલાઇન્સ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે ચોરીના ગુનાઓ ડીટેક્ટ થયા છે.

સુરતઃ લાલગેટ અને અઠવાલાઈન્સ વિસ્તારમાં આવેલા ચર્ચને નિશાન બનાવી ચોરી આચરનાર શાતીર તસ્કરને સુરત ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી બે ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. ઝડપાયેલો આરોપી ચર્ચમાં દાન આપવાના બહાને રેકી કરી રાત્રિના સમયે ચોરીને અંજામ આપતો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે.

ગઈ તારીખ ૧૪ સપ્ટેમ્બરના રોજ ચોક ચાર રસ્તા પાસે આવેલા CNI ક્રાઈસ્ટ ચર્ચમાં રૂ. ૪૬,૦૦૦ની ચોરી થઈ હતી. ત્યારબાદ ગઈકાલે તા. ૨૩ સપ્ટેમ્બરના રોજ અઠવાલાઈન્સના નાનપુરા ખાતે આવેલા ‘અવર લેડી ઓફ માઉન્ટ કાર્મેલ ચર્ચ’ માંથી પણ રોકડા રૂ. ૩૦ થી ૪૦ હજારની ચોરીની ઘટના બની હતી. દરમિયાન મોબાઈલ ચોરી સ્ક્વોડની ટીમને મળેલી ચોક્કસ બાતમીને આધારે સુરતના ચંદ્રશેખર આઝાદ બ્રિજ પાસે આવેલી પાલિયા ગ્રાઉન્ડ ઝૂંપડપટ્ટી પાસેથી મૂળ મધ્ય પ્રદેશના ઝાબુઆ જિલ્લાના ડુંડકા પંચકુઈના વતની અનિલ જલિયા પારગી (ઉં.વ. ૨૭) ને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી 85500નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ શરૂ કરી છે.

# મદદના બહાને દયાળજી બાગમાંથી યુવતીને હોટલમાં લઇ જઇ દુષ્કર્મ

**યુવતી** શાળાના બહાને ઘરેથી નીકળી મિત્રને મળવા દયાળજી બાગ પહોંચી પરંતુ તે નહીં આવ્યો

**પિતા** બાજુમાંથી જ પસાર થયા, પરંતુ બુરખો પહેર્યો હોવાથી ઓળખી નહીં શક્યા

સુરતઃ દયાળજીબાગમાં બેસેલી યુવતીને મદદના બહાને દુષ્કર્મ કરનાર નરાધમ સામે અઠવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

સલાબતપુરા વિસ્તારમાં રહેતી અને ધોરણ-૧૨ માં ભણતી ૧૬ વર્ષીય માસુમ કિશોરી તા.૨૪ સપ્ટેમ્બરના રોજ પોતાના મિત્રને મળવાના માટે શાળાને બદલે નાનપુરા દયાળજીબાગ પહોંચી હતી. જોકે, મિત્ર બહાર હોવાથી મળી શક્યો નહતો. આખો દિવસ પોતાની બહેનપણીઓના ઘરે રોકાયા બાદ સાંજે સાડા સાતેક વાગ્યાના અરસામાં કિશોરી હજુ પણ આશા સાથે દયાળજીબાગમાં બેઠી હતી.તે જ સમયે તેની શોધમાં તેના પિતા બાગમાં આવ્યા હતા.પરંતુ, કિશોરીએ બુરખો પહેરેલો હોવાથી પિતા તેને ઓળખી શક્યા વિના જ ત્યાંથી આગળ નીકળી ગયા હતા. પિતાની નજર ચૂક્યા બાદ માસુમ બાળકી ત્યાં એકલી પડી ગઈ હતી.બાગમાં એકલી બેઠેલી માસુમ સગીરાની લાચારી જોઈ ૨૪-૨૫ વર્ષીય નરાધમ શરીફ શેખ (રહે. રમણ ચેમ્બર્સ, મોતી ટોકીઝ, સુરત) ત્યાં આવ્યો હતો. તેણે ‘તને કોઈ તકલીફ છે? હું તારી મદદ કરીશ’ કહીને તેનો વિશ્વાસ જીત્યો હતો. બાદમાં શાંત જગ્યાએ બેસીને વાત કરવાના બહાને પોતાની સફેદ એક્સેસ મોપેડ પર બેસાડી રાંદેર રોડ, મોરાભાગળ સ્થિત બોટોનીકલ હોટલમાં લઈ ગયો હતો. હોટલના ચોથા માળે આવેલા રૂમમાં લઈ જઈ આ નરાધમે માસુમ બાળકીની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધી તેનું શોષણ કર્યું હતું. ડરી ગયેલી માસુમ રૂમમાં ચોધાર આંસુએ રડવા લાગી હતી અને રાત્રે ૧૧ વાગ્યે માંડ ઘરે પહોંચી પોતાની માતા આગળ હૃદયદ્રાવક આપવીતી વર્ણવી હતી. માતાની ફરિયાદના આધારે અઠવાલાઇન્સ પોલીસે નરાધમ શરીફ શેખ વિરુદ્ધ બળાત્કાર અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પેન્શનરોના પડતર પ્રશ્ને 25 નવેમ્બરે સંસદ માર્ચ થશે, અમદાવાદમાં ધરણા

**8મા** કેન્દ્રીય પગાર પંચમાં સમાવેશ અને BSNL પેન્શન રિવિઝનની માંગ

અમદાવાદઃ પેન્શનરોના લાંબા સમયથી પડતર પ્રશ્નોના ઉકેલ માટે તા. 25 નવેમ્બર, 2026ના રોજ નવી દિલ્હીમાં સંસદ માર્ચ યોજવાની જાહેરાત કરવામાં આવી છે. આ પડતર પ્રશ્નોના ઉકેલ માટે ફોરમ ઓફ સિવિલ પેન્શનર્સ એસોસીએશન દ્વારા વડાપ્રધાન અને નાણામંત્રીને આવેદનપત્ર મોકલવામાં આવ્યું છે. જો આ પ્રશ્નનો સુખદ ઉકેલ નહી આવે તો. દેશભરના પેન્શનરો સંસદ કુચ કરશે.

ફોરમ ઓફ સિવિલ પેન્શનર્સ એસોસીએશન ગુજરાત અને નેશનલ કોર્ડિનેશન ઓફ પેન્શનર્સ એસોસીએશન દ્વારા પેન્શનરોના લાંબા સમયથી પડતર પ્રશ્નોના ઉકેલ નહી આવતા વડાપ્રધાન અને નાણાપ્રધાનને આવેદનપત્ર આપી રજુઆત કરી છે. જો તેનો વ્યાજબી ઉકેલ નહી આવેતો આગામી તા. 25 નવેમ્બર, 2026ના રોજ નવી દિલ્હીમાં સંસદ કુચ આદોલનની જાહેરાત કરવામાં આવી છે. AIBDPA ગુજરાત તથા સંયોજક FCPA ગુજરાતના સર્કલ સેક્રેટરી મનુભાઈ ચનિયારાએ માહિતી આપતા જણાવ્યું હતુ કે FCPA અને NCCPAના દ્વારા પેન્શનરોની વિવિધ માંગણીઓને લઈને અમદાવાદમાં ત્રણ દિવસીય ધરણાં યોજાયા હતા. આ કેન્દ્ર અને રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારના જાહેર સાહસોના પેન્શનરો સહિત વિવિધ પેન્શનર સંગઠનોના આગેવાનો અને સભ્યો જોડાયા હતા. ત્રણ દિવસ,ના ધરણાં દરમિયાન વેલીડેશન બિલનો વિરોધ, પેન્શનરોને 8મા કેન્દ્રીય પગાર પંચની પ્રક્રિયામાં સમાવવાની માંગ તથા BSNL/ MTNL પેન્શનરોની પેન્શન રિવિઝનનો લાંબા સમયથી પડતર પ્રશ્ન તાત્કાલિક ઉકેલવાની માંગ કરવામાં આવી હતી. FCPAના રાષ્ટ્રીય કાર્યક્રમમાં પણ 8મા કેન્દ્રીય પગાર પંચના કાર્યક્ષેત્રમાં પેન્શન રિવિઝન અને BSNL/ MTNL પેન્શન રિવિઝનના મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા છે. પેન્શનરોએ દેશની જાહેર સેવામાં પોતાનું સક્રિય જીવન સમર્પિત કર્યું છે.

# યુવતીના અંગત ફોટા મંગેતરને મોકલી બ્લેકમેઈલ કરનારની ધરપકડ

**ફોટો** વાયરલ કરવાની ધમકી આપી રૂ.1.58 લાખ અને દાગીના પડાવ્યા

**પાંચ** વર્ષ પહેલા શાળામાં ભણતાં ગેરેજમાં કામ કરતાં યુવકે પોત પ્રકાશ્યું

સુરતઃ સરથાણા વિસ્તારમાં પાંચેક વર્ષ પહેલાં શાળામાં સાથે અભ્યાસ કરતા યુવકે યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી.જે બાદ તેના અંગત ફોટા મેળવી લઈ તેને વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઈલિંગ કરી વારંવાર દુષ્કર્મ આચર્યું હતું.આ દરમિયાન યુવતીની સગાઈ થઈ જતા થનાર પતિને તેના અંગત પળોના વિડીયો અને ફોટો મોકલી આપતા મામલો પોલીસમાં પહોંચ્યો છે.

મળતી વિગતો મુજબ, મોટા વરાછામાં રહેતો કાર્તિક હરેશભાઈ રામાવત પાંચેક વર્ષ પહેલાં શાળામાં સાથે અભ્યાસ કરતી યુવતીના સંપર્કમાં આવ્યો હતો.

આ દરમિયાન યુવતીને પ્રેમજાળમાં ફસાવી તેના અંગત ફોટા મેળવી લીધા હતા. ત્યારબાદ આ ફોટા વાયરલ કરી દેવાની ધમકી આપી યુવતીને બ્લેકમેઈલ કરી અલગ-અલગ સમયે યુવતી પાસેથી રૂ.58 હજાર રોકડા તથા તેના ભાઈ પાસેથી ઓનલાઈન રૂ.1 લાખ મેળવી કુલ રૂ.1.58 લાખ પડાવ્યા હતા. આ ઉપરાંત સોનાની એક બુટ્ટી અને સોનાનું પેન્ડલ પણ લઈ લીધું હતું.

આટલેથી નહીં અટકેલા કાર્તિકે યુવતી અને પોતાની સાથેના અંગત ફોટા તેના મંગેતર પતિ ધ્રુવલ ખેનીને મોકલી આપ્યા હતા. ત્યારબાદ યુવતીને “જો તું મને મળવા નહીં આવે તો તારી સગાઈ તોડાવી નાખીશ” તેવી ધમકી આપી હતી. આ ધમકીના આધારે યુવતી સાથે વારંવાર તેની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદના આધારે પોલીસે કાર્તિક હરેશભાઈ રામાવતની ધરપકડ કરી છે.

પોલીસ તપાસમાં કાર્તિક મોટા વરાછા સ્થિત મિલેનિયમ ઓટોમોટીવ ગેરેજમાં કામ કરતો હોવાનું અને તેનું મૂળ વતન ભાવનગર જિલ્લાના ભુતિયા ગામનું હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર કેસની વધુ તપાસ પી.આઈ. ડી.કે. પટેલ કરી રહ્યા છે.

# સુરત રેલવે સ્ટેશનની ટ્રાફિક પોલીસચોકીમાં મહિલાની પ્રસૂતિ

**એમ્બ્યુલન્સ** મોડી પડતાં પોલીસકર્મીઓએ તાત્કાલિક તબીબી મદદ મેળવી બાળકીનો જન્મ કરાવ્યો

સુરતઃ સુરત રેલવે સ્ટેશન પર પ્રસૂતિની પીડા ઉપડતાં એક ગર્ભવતી મહિલાની ટ્રાફિક પોલીસ ચોકીમાં જ મહિલાની પ્રસૂતિ કરાવવામાં આવી હતી.

મળતી વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશની અમલાબેન બળવંતભાઈ વસોનિયા નામની ગર્ભવતી મહિલાને સુરત રેલવે સ્ટેશન પર અચાનક પેટમાં સતત દુખાવો શરૂ થયો હતો. આ અંગેની જાણ થતાં ટીઆરબી પ્રવીણ જગદીશભાઈ તેમજ તેમના સાથી કર્મચારીઓ રાહુલ, મેહુલ અને મિથુન દ્વારા મહિલાને સુરત રેલવે સ્ટેશનની ટ્રાફિક પોલીસ ચોકીમાં લઈ જઈ સુવડાવવામાં આવી હતી.

મહિલાની સ્થિતિને ધ્યાનમાં રાખીને તાત્કાલિક એમ્બ્યુલન્સને ફોન કરવામાં આવ્યો હતો. જોકે, એમ્બ્યુલન્સ પહોંચવામાં વિલંબ થતાં રેલવે તંત્રના મેડિકલ ઓફિસરને સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા. ત્યારબાદ તબીબી સ્ટાફની મદદથી પોલીસ ચોકીમાં જ મહિલાની સુરક્ષિત પ્રસૂતિ કરાવવામાં આવી હતી. મહિલાએ બાળકી જન્મ આપ્યો હતો. પ્રસૂતિ બાદ માતા અને નવજાત બાળકીની તબીબી તપાસ કરવામાં આવી હતી. સમયસર ટ્રાફિક બ્રિગેડ મદદરૂપ બની મહિલાને જરૂરી સારવાર અપાવવા સાથે તબીબી ટીમને સ્થળ પર બોલાવી પ્રસૂતિ કરાવવામાં આવતા માનવતાભર્યું કાર્ય કરવામાં આવ્યું હતું.

## અનુસંધાન ... પાના પહેલાનું

### રેલો આવતા ભૂલો...

નામ છૂટી ગયું હોય, અને યુવાનો કે પ્રથમ વારના મતદારો સહિત કોઈપણ વ્યક્તિ સતત અપડેટ કરવાની પ્રક્રિયા હેઠળ મતદાર યાદીમાં તેમનું નામ ઉમેરવા માટે નવેસરથી અરજી કરી શકે છે. પંચે સંબંધિત CEOs ને આ પ્રક્રિયાને સરળ બનાવવા અને આ મતદારોના નોંધણી માટે તાત્કાલિક વિશેષ ઝુંબેશ શરૂ કરવા નિર્દેશ આપ્યો છે. ગોવાના CEO એ સંબંધિત BLOsને બાકી રહી ગયેલા મતદારોના ફોર્મ એકત્રિત કરવા માટે ઘરે-ઘરે મુલાકાત લેવાનો નિર્દેશ આપ્યો છે. EC એ જણાવ્યું કે રાજ્યમાં કમી કરાયેલા પાત્ર ઉમેદવારોના નામ ઉમેરવા માટે 97માંથી 81 મતદારોએ ફોર્મ 6 ભરી દીધું છે.

### 30 સપ્ટેમ્બરે...

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવાની માંગ વિપક્ષી અભિયાનના કેન્દ્રમાં રહેશે. ચૂંટણી કમિશનરની પસંદગી પ્રક્રિયામાં ફેરફાર અને એસઆઈઆર સામેનો વિરોધ સહિતની અન્ય માંગણીઓ પણ આગળ ધપાવવામાં આવશે.

ઓ’બ્રાયને જણાવ્યું, ‘‘સૌપ્રથમ, જ્ઞાનેશ કુમારે જવું પડશે. અન્ય કેટલીક માંગણીઓ પણ ઉઠાવવામાં આવી છે. ચૂંટણી કમિશનરની પસંદગી કેવી રીતે થાય છે અને એસઆઈઆર કેવી રીતે એક છેતરપિંડી હતી તે સહિતની તે માંગણીઓ યથાવત છે. અમે સંયુક્તપણે, હેતુપૂર્વક અને ઝડપથી કામ કરીશું.’’

### SIR અંગેના...

ઈન્ટેન્સિવ રિવિઝન(SIR) અંગે ઉભા થયેલા પ્રશ્નો વચ્ચે શનિવારે નવી દિલ્હી સ્થિત ઈલેક્શન કમિશનના મુખ્યાલય ખાતે ભેગા થયા હતા. પંચની બેઠક બપોરે ૩ વાગ્યે મળી હતી અને ત્યારબાદ એક વિસ્તૃત પ્રેસ નોટ જાહેર કરીને SIR પ્રક્રિયા, ECINet, ફોર્મ ૬, દાવાઓ અને વાંધાઓ, તેમજ કેબિનેટ સચિવને કરવામાં આવેલા આંતરિક પત્રવ્યવહાર અંગે તાજેતરમાં ઉભા થયેલા પ્રશ્નો બાબતે લીધેલા શ્રેણીબદ્ધ નિર્ણયોની માહિતી આપી હતી. પંચે ઉમેર્યું હતું કે અધિકારી દ્વારા જારી કરવામાં આવેલા કામની પુનઃવહેંચણીના આદેશો બે કમિશનરોના આદેશ બાદ “વાસ્તવમાં અમલમાં મૂકવામાં આવ્યા નહોતા” અને DEC દ્વારા IT ડિવિઝન પરની દેખરેખ ક્યારેય વાસ્તવમાં પાછી ખેંચવામાં આવી નહોતી. આ સ્પષ્ટતા પંચની કામગીરી અને તેના IT ડિવિઝનની ભૂમિકા અંગે ઉભા થયેલા પ્રશ્નોની પૃષ્ઠભૂમિમાં આવી છે, જેમાં ECએ શનિવારની બેઠકનો ઉપયોગ પોતાનો પક્ષ રેકોર્ડ પર મૂકવા માટે કર્યો હતો. પંચે SIR મુદ્દે ચૂંટણી પંચની અંદર કોઈ મતભેદ હતો કે નહીં તે પ્રશ્નનો પણ જવાબ આપ્યો હતો. પંચે જણાવ્યું હતું કે બિહારથી શરૂ કરીને ત્યારબાદ પશ્ચિમ બંગાળ અને અન્ય ૩૦ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશો સહિત તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતો ૨૪ જૂન, ૨૦૨૫ના રોજ જારી કરાયેલ SIR આદેશ “પંચની સર્વસંમતિથી મંજૂરી” સાથે જારી કરવામાં આવ્યો હતો. વધુમાં ઉમેર્યું હતું કે સુપ્રીમ કોર્ટે ૨૭ મે, ૨૦૨૬ના રોજ આ આદેશને માન્ય રાખ્યો હતો. પંચે ગોવાના અનુભવ તરફ પણ ઈશારો કર્યો હતો, જ્યાં BLOs ને મતદાર યાદીમાંથી રહી ગયેલા મતદારોના ઘરે જઈને તેમના ફોર્મ એકત્રિત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ECએ જણાવ્યું કે આવા ૯૭ મતદારોમાંથી ૮૧ મતદારોએ સમાવેશ માટે ફોર્મ ૬ પહેલેથી જ ભરી દીધું હતું. આ ખુલાસાઓ પછી ભાજપે કહ્યું હતું કે આનાથી ગેરસમજો દૂર થઇ છે અને કોંગ્રેસે ઘડી કાઢેલુ જુઠાણુ ખુલ્લું પડ્યું છે. જ્યારે વિપક્ષે આને ડેમેજ કન્ટ્રોલની કવાયત ગણાવી હતી, કોંગ્રેસે કહ્યું હતું કે અનેક સવાલો હજી નિરુત્તર છે.

### બેકાબૂ AIએ...

કામ કર્યું. કંપનીને આ ઘટનાઓની ખબર ત્યારે પડી જ્યારે તે ટેક સ્ટાર્ટઅપ ‘હગિંગ ફેસ’ પર પોતાના સિસ્ટમથી થયેલી સેંધમારીની તપાસ કરી રહી હતી. મામલો સામે આવ્યા પછી શેર બજાર નિયામક SECના પ્રવક્તાએ કહ્યું કે AI એજન્ટ્સે કોઈ પણ નોન-પબ્લિક કે ગોપનીય ડેટાને એક્સેસ નથી કર્યો. એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના પ્રવક્તાએ જણાવ્યું કે ડેટાબેઝને કોઈ નુકસાન થયું નથી. વળી, કોમર્સ ડિપાર્ટમેન્ટ તરફથી આના પર તુરંત કોઈ નિવેદન આવ્યું નથી.

### UP, ઉત્તરાખંડ...

અધિકારીઓના જણાવ્યા અનુસાર, છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં સામાન્ય કરતાં 19 ગણો વધુ વરસાદ ખાબક્યો છે. ભારે વરસાદ, ગાજવીજ અને તેજ પવનોને કારણે ગ્રામીણ વિસ્તારોમાં ઊભા પાકને ભારે નુકસાન થયું છે અને રાજ્યભરમાં 100થી વધુ ઘરોને નુકસાન પહોંચ્યું છે.

ઝારખંડમાં મુશળધાર વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારો જળમગ્ન થઈ ગયા છે, જેનાથી વાહનવ્યવહાર ખોરવાયો છે અને અનેક નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. ખરાબ હવામાનને કારણે બિરસા મુંડા એરપોર્ટ પર ઓછામાં ઓછી છ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું. સંબંધિત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલા આદેશોને પગલે રાંચી અને જમશેદપુર સહિતના કેટલાક જિલ્લાઓમાં શાળાઓ બંધ રહી હતી. ખરાબ હવામાનને કારણે ઉત્તરાખંડમાં આ વર્ષે પહેલાથી જ અનેક વખત સ્થગિત કરાયેલી ચારધામ યાત્રા શનિવારે ફરી એકવાર 27 સપ્ટેમ્બર સુધી રોકી દેવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગે રાજ્યના ઘણા ભાગો માટે ‘રેડ’ અને ‘ઓરેન્જ’ એલર્ટ જારી કર્યા બાદ પાંચ જિલ્લામાં શાળાઓ બંધ કરી દેવામાં આવી હતી. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં સવારથી જ ભારે વરસાદ થઈ રહ્યો છે, હિમાચલ પ્રદેશના કન્નાઉરમાં સિઝનની પહેલી બરફવર્ષા થઈ હતી. દેશના પૂર્વ ભાગમાં, દક્ષિણ બંગાળમાં રવિવારથી વરસાદની તીવ્રતા ઘટવાની શક્યતા છે કારણ કે હવામાન પ્રણાલી રાજ્યથી દૂર જઈ રહી છે.

### મણિપુરના...

આવ્યા હતા. મુખ્યમંત્રી વાય. ખેમચંદ સિંહે બે નાગરિકોની હત્યાની આકરી નિંદા કરી હતી અને તેને ‘હિંસાનું કાયરતાપૂર્ણ કૃત્ય’ ગણાવ્યું હતું.

પૂર્વ મુખ્યમંત્રી એન. બિરેન સિંહે પણ આ હત્યાઓની નિંદા કરી હતી અને જણાવ્યું હતું કે, આ વર્ષે 60થી વધુ હત્યાઓ થઈ ચૂકી છે.

એક્સ પરની એક પોસ્ટમાં બિરેન સિંહે જણાવ્યું, ‘‘ચાઓઈનામાઈ ગામના રોકી અને લાઈ શિરાફી ગામના કુમારની હત્યા એ ચિંતાનો ગંભીર વિષય છે. સશસ્ત્ર ઉગ્રવાદીઓ તેમના ઘરોમાં ઘૂસી આવ્યા હતા અને જ્યારે તેઓ ઊંઘી રહ્યા હતા ત્યારે તેમને ગોળી મારીને હત્યા કરી દીધી હતી. આ એવા નાગરિકો હતા જેમને ડર વિના જીવવાનો અધિકાર હતો.’’

બિરેન સિંહે પ્રશ્ન કર્યો, ‘‘જવાબદાર લોકોને જવાબદાર ઠેરવવા અને કથળતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને નિયંત્રણમાં લાવવાના બદલે આપણે ક્યાં સુધી લાશોની ગણતરી કરતા રહીશું?’’

# પેરામેડિકલ અભ્યાસક્રમોમાં બીજા રાઉન્ડમાં 10,161 બેઠકો ફળવાઈ

ગાંધીનગરઃ વર્ષ 2026-27 માટે બીએસસી નર્સિંગ સહિતના વિવિધ અભ્યાસક્રમોમાં બીજા રાઉન્ડના એલોટમેન્ટની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે.

બીજા રાઉન્ડના એલોટમેન્ટમાં કુલ 10,161 વિદ્યાર્થીઓને નવી બેઠકો ફાળવવામાં આવી છે. જ્યારે પ્રથમ અને બીજા રાઉન્ડને મળીને અત્યાર સુધીમાં કુલ 14,523 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. બીએસસી નર્સીંગ, ફિઝિયોથેરાપી, GNM, ANM, ઓપ્ટોમેટ્રી, ઓક્યુપેશનલ થેરાપી, ઓર્થોટિક્સ અને પ્રોસ્થેટિક્સ, B.A.S.L.P. તેમજ નેચરોપથી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે બીજા રાઉન્ડમાં કોર્સ પ્રમાણે રિપોર્ટિંગની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હજુ પણ કુલ 36,947 બેઠકો ખાલી રહી છે. આ ખાલી બેઠકોને ધ્યાનમાં રાખીને આગામી પ્રવેશ પ્રક્રિયા અંગે સંબંધિત સત્તાવાળાઓ દ્વારા નિર્ણય લેવામાં આવશે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### ગણેશ વિસર્જન...

સોનીના માર્ગદર્શન હેઠળ સમગ્ર આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.

મોટી સંખ્યામાં પ્રતિમાઓ અને તેમાં પણ ૧૫ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતી આશરે ૮૦૦ પ્રતિમાઓનું વિસર્જન હોવાથી આયોજન સામે મોટો પડકાર હતો, છતાં ટીમ દ્વારા સતત કામગીરી કરીને વિસર્જન પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

| વિગતો | ગયા વર્ષે | આ વર્ષે |
|---|---|---|
| કુલ વિસર્જિત પ્રતિમા | ૭,૦૦૦ | ૬,૫૦૦ |
| ૯ ફૂટથી મોટી પ્રતિમા | ૩૫૦ | ૭૯૮ |
| વિસર્જનનો સમય | ૩૨ કલાક | ૪૦ કલાક |
| મોટી પ્રતિમાઓમાં વધારો | - | ૪૪૮ |
| મોટી પ્રતિમાઓનો વધારો | - | આશરે ૧૨૮% |